Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# 'કમળપૂજા' – માતૃત્વની પીડાની વાર્તા

('વાર્તાસંગ્રહ-'ગર્ભગાથા'- હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, પ્ર.આ- ૨૦૦૯, કિંમત-૭૫.૦૦)

પટેલ જયેશકુમાર નટવરલાલ

**Research Scholar Ph.D.**

**H.N.G.U patan**

મુ-બાજીપુરા, પો-કુવાસણા, તા-વિસનગર, જિ.-મહેસાણા.પિન-૩૮૪૩૧૫

મો-૯૯૦૯૫૨૭૧૩૮

છેલ્લા એકાદ બે દાયકાઓમાં નારી જીવનને કેન્દ્રમાં રાખી રચાતી ભારતની વિવિધ ભાષાઓની કૃતિઓએ સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું છે. એમાં હિમાંશી શેલત કૃત 'ગર્ભગાથા' એક છે. 'ગર્ભગાથા' વાર્તાસંગ્રહમાં કુલ સાત (૭) વાર્તાઓ છે. જેમાં 'કમળપૂજા'-નારી જીવનની કપરી વાસ્તવિકતા તેમજ ગુનાહિત કિશોર માનસને રજૂ કરતી વાર્તા છે. જોકે, સંગ્રહની તમામ વાર્તાઓ નારીકેન્દ્રી તો છે જ, પરંતુ 'કમળપૂજા'માં વાસ્તવનું જીવલેણ આલેખન તેમજ પુરુષ પાત્રની કુંઠિત મનોદશાનું અત્યંત સૂક્ષ્મતાથી આલેખન થયું હોવાથી વાર્તાની નાયિકાનું(ઓરત) નાજુક સંવેદનની અનુભૂતિ સૌ કોઈને માટે આસ્વાદરૂપ બની રહે છે. પૌરાણિક કથાના પરશુરામે માનો શિરચ્છેદ કર્યો હતો, તેમ અહીં વાર્તામાં પરસુ (મોટો દીકરો) માના મસ્તક પર હથોડાનો ઘા ઝીંકે છે.પરંતુ,અહીં માનું વધેરેલું મસ્તક પેલી કથાના કમળ જેવું નિર્મળ-પવિત્ર નથી.

વાર્તાની કથાવસ્તુ જોઈએ તો – ચાલીમાં વસતી નાયિકા(ઓરત) તેના ત્રણ દીકરાઓ સાથે રહે છે. જેનો પતિ મારધાડ, લૂંટફાટ, હત્યા જેવા ગુનાઓને લીધે જેલમાં બૈરી-છોકરાંની કોઈ ચિંતા વિના મફતના રોટલા તોડે છે. જ્યાં સુધી નાયિકાથી શક્ય બન્યું ત્યાં સુધી તેણે છોકરાંનો પેટનો ખાડો પૂર્યો, પરંતુ, બધુ ખૂટવા આવ્યું ત્યારે મજબૂરીને વશ થઈ કદમ નામના પરપુરુષ સાથે અવૈધ સંબંધો રાખી તેના છોકરાંના પેટનો ખાડો પૂરે છે,

પરંતું, અહીં નાયિકાના આ સંબંધો તેના દીકરાઓના અને સમાજના મતે મોજ-શોખના હતા. જ્યારે વાસ્તવિકતા કંઈક અલગ જ છે. અહીં બાળકોના પેટનો ખાડો પૂરવા માટે માની લાચારી તેને પોતાના જ સગા દીકરાને હાથે મોતને ઘાટ ભેટાવે છે. આમ, કપરા સમયમાં ઘર ચલાવવા કુણી લાગણી ધરાવતા પુરુષને સાથ આપતી નાયિકા અંતે પુત્ર અને સમાજની નજરમાં એક ધંધો કરનારી સ્ત્રી જ બની રહે છે.

વાર્તાની શરૂઆતમાં નાયિકાનો મોટો દીકરો પરસુ હથોડાથી પોતાના બાવડા મજબૂત બનાવે છે ત્યારે સૌ કોઈને જાણે એમ જ થતું હશે કે પરસુ બાવડેબાજ બનવા માટે અખાડામાં જતો હશે. પરંતુ, અહીં આપણે ધારીએ છીએ એ કરતાં બિલકુલ અલગ જ થાય છે. જુઓ-

"પહેલે ફટકે જ ઓરત ભોંય પડી તેથી જરા નવાઈ લાગી. આટલું સહેલું? દુર્બળ શરીર, પાંચ-છ છોકરાંને જન્મ આપવામાં ખતમ થઈ ગયેલું. ન પ્રતિકાર, ન ચીસ. માટીનું હોય એમ ભોંય ફસકાઈ પડ્યું એ. જે કરવા ધારેલું એ તો થઈ ગયું.હવે ? " (પૃ-૨૮)

અહીં પરસુએ તેની માનું હથોડાના એક જ ફટકે માથું છૂંદી કાઢી એનો છેદ ઉદાડી દીધો. અને જાણે કશું જ ન બન્યું હોય એમ ઓરતના ત્રણે દીકરા (મોટો પરસુ, વચોટ રમણ અને નાનો વાસુ) ત્યાંથી લપાતા – છુપાતા રાજસ્થાન તરફની બસમાં બેસી ભાગી છૂટે છે, ત્યારે મને ખરેખર એક વિચાર આવે છે કે શું આ તેના સગા દીકરા છે ? અરે પારકો પણ આવું જઘન્ય કૃત્ય કરતાં અચકાય તો તેના સગા દીકરાના હાથ શું નહીં અચકાયા હોય ??

નાયિકાના ત્રણે દીકરા વતન છોડી જવા રાજસ્થાનની બસમાં બેસે છે. ત્યાં પણ તેમની આંખોમાંથી આંસુનું એક ટીપું પણ નથી. બસમાં બેઠેલ પરસુ આખી ઘટનાના ટુકડાને એકઠા કરે છે. પરસુની મા લોટ બાંધતી હતી. પરસુ પાછળથી પરસેવા વાળા હાથને પોતાની ચડ્ડીથી કોરા કરે છે. બહાર તેના બે ભાઈ વાસુ અને રમણને કોઈ આવે તો ખોખારો ખાવાનો સંકેત કરવા ઊભા રાખ્યા છે. બીકમાં ને બીકમાં પરસુ એની માનું માથું પલભરમાં જ છૂંદી નાખે છે. વળી પાછો તે જુએ પણ છે કે મા જીવે છે કે મરી ગઈ ? એટલે બીજો ફટકો પણ નિર્દયતાથી મારે છે, પણ તે સાવ બોદો અવાજ આવે છે. ચગદાયેલા માથાવાળી મા થરથરતા અવાજે બોલે છે-

"મરી ગઈ.......ઓ પરસિયા રે........પરસ......" (પૃ-૨૯)

આને કહેવાય માની મમતા કે જે જાણતી હોવા છતાં કે પોતાના પર હથોડા દ્વારા પ્રહાર કરનાર બીજું કોઇ નહિ પણ પોતાનો દીકરો પરસુ જ છે, છતાં પણ તેના અંતિમ શબ્દોમાં કોઈ પ્રશ્ન નહીં પણ પોતાના

દીકરાનું જ નામ છે. ખરેખર અહીં, 'મા તે મા' આ કહેવત યથાર્થ ઠરે છે. ખરેખર આટલો નિદર્યી દીકરો હોઈ શકે ખરો ? મારી કલમ પણ ક્ષણવાર લખતાં અટકી પડેલ, તો શું એના હાથ એની માતાનું માથું છૂંદતા નહીં અચકાયા હોય ?

આ વાર્તામાં લેખિકાએ ચલચિત્રની રીતિએ વર્તમાન દૃશ્ય રજૂ કરી, દૃશ્ય ત્યાં કાપી નાખી ભૂતકાળનું દૃશ્ય રજૂ કર્યુ છે. ટૂંકમાં, લેખિકાએ ફ્લેશબેક ટેકનિકનો ઉપયોગ આ વાર્તામાં કરેલ છે. અહીં વાર્તામાં વર્તમાન એટલે પરસુ દ્વારા હથોડાના ઘાથી માનું માથું છૂંદી નાખે છે તે. પણ આવું કેમ બન્યું? તે આ પ્રશ્નના જવાબ માટે લેખિકા આપણને ભૂતકાળમાં દોરી જાય છે, અને આ બનાવ પાછળના કારણથી આપણને અવગત કરાવે છે.

ચોરીચપાટી, મારફાડ, દંગાફસાદ, દારૂજુગાર, દાદાગીરી જેવા ગુનાહિત અપરાધોને કારણે જેલમાં ગયેલ ઓરતનો પતિ પોતાના પરિવાર પ્રત્યે બેફિકર છે, પણ એક મા શું કરે ? જ્યાં સુધી ચૂલો સળગાવી શકાયો ત્યાં સુધી ઓરતે બારણું કે બારી એકેય ઉઘાડીને જોયું પણ નથી. પછી લાકડાં, કેરોસીન, અનાજ, તેલ અને અંતે ધીરજ ખૂટી ગયાં, પછી ઓરત શું કરે ?

એક દિવસ ઓરત પાણી ભરવા બહાર નળ પાસે જાય છે. ડોલ,દેગડાં,પીપડાં,કેરબા,તપેલાં....આ વાસણો ઓરતની નિર્ધનતાનો નિર્દેશ કરે છે. ઓરતનો વારો આવતાં કોઇ એને 'રંડી' જેવા અપશબ્દો બોલે છે. ત્યારે કદમ નામનો પુરુષ એનો બચાવ કરે છે. ત્યારબાદ કદમ ઓરતના ઘરે આવતો – જતો અને જમતો થાય છે. ઓરત પોતાના ત્રણેય દીકરાઓના પેટનો ખાડો પૂરવા પોતાનું શરીર કદમને સોંપે છે,ત્યારે ખરેખર આ ઓરત મારા મતે શરીરનો ધંધો કરીને પૈસા લેવાવાળી સ્ત્રી નહી પણ એક 'શ્રેષ્ઠ મા' તરીકે તેને કોટિ કોટિ પ્રણામ કરું છું.

છ-સાત વર્ષથી માંડી દસ-અગિયાર વર્ષના તેના દીકરાઓ પોતાની મા વિશે  આસ-પાસથી ગમેતેવી વાતો સાંભળી અકળાય છે. મોટો દીકરો પરસુ તેની માને જાતજાતના સવાલો પૂછે છે કે 'કદમકાકા' દૂરનો સગો છે?, બાપનો દોસ્તાર છે?, તારા ગામનો કોઇ?, બાપાને ખબર છે?.... વગેરે વગેરે.

પરસુને લાગે છે કે આ ઓરત એમની દુશ્મન છે , ખાલી કહેવાની જ મા છે.પરસુ તેની માને સાલ્લી ઓરત જાતની તે ...વંતરી જેવી ગાળ પણ બોલે છે.કદાચ એની મા આ ગાળ સાંભળી જાત તો?? એની પર શું વીતે? મારા મતે તો એની મા પર તો આકાશ તૂટી પડે , ધરતી જો જગ્યા આપે તો તેમાં સમાઇ જવાનું મન થયા વગર રહે નહીં . પરંતું એક રીતે તો સારું જ કહેવાય કે એની મા આ ગાળ સાંભળતી નથી . એના હ્દયને આઘાત લાગતો તો બચી ગયો, કે એના દીકરાઓ એના વિશે શું વિચારે છે.અંતે પરસુ એની માને મારી નાખે છે. પોતે મોટો છે, મરદ છે, એને આબરું સાચવવાની છે એવા વિચારો સાથે તે માને મૃત્યુને ઘાટ ઉતારે છે.

અને આ મા તો જુઓ મરતાં મરતાં પણ ' પરસુ'ના નામની જ બૂમ પાડે છે. વકતા તો જુઓ કે સગો દીકરો માની હત્યા કરી પરાયો બની જાય છે, જ્યારે ઓરત (મા) મરતી વેળા દીકરાને યાદ કરે છે. લાચાર માના સંદર્ભે ઇલા નાયક નોંધે છે -

" નાદાન ,અણસમજુ છોકરા, ગુનેગાર પિતા, લાચાર માતા અને ટીકાખોર સમાજ – આ બધાંનો સરવાળો એટલે એક માનું મૃત્યુ ."(પૃ-૫૩, તથાપિ, ઇલા નાયક , સપ્ટે-નવેમ્બર-૨૦૦૯)

હિમાંશી શેલતની વાર્તામાં ભાષાનું વૈવિધ્ય તરત જ ભાવક્નું ધ્યાન ખેંચે છે. પ્રસંગાનુંરૂપ ભાષા અને પાત્રાનુંરૂપ ભાષા તો તેઓ બખૂબી યોજી જાણે છે, પરંતુ વર્ણનમાં પણ તેઓ ભાષાનાં અનેક સ્તર યોજે છે ત્યારે એમની વાર્તાઓ વધારે આસ્વાદક્ષમ બની રહે છે. વાર્તાની સગર્ભ ક્ષણને લેખિકાએ બરાબર પકડી હોઇ એમની વાર્તામાં  વાર્તા કથનની આગવી રીતિ છે. વાર્તામં જે પાત્રને કે સંવેદનને તે ઉજાગર કરવા માગે છે તેને પોતીકી રીતે ખીલવે છે. ઘટના બહુ ભારેખમ ન બની જાય તેની કાળજી તેઓ રાખે છે. વાર્તાના શીર્ષકમાં લેખિકાએ ' મીથ 'નો આધાર લીધો છે.'કમળપૂજા' શીર્ષક સંવેદનાને બરાબર ધાર આપે છે. સિનેમેટિક રચના પ્રવિધિ વડે વાર્તા સરસ આકારાઇ છે. લેખિકાનો લાઘવનો ગુણ વિશેષ રીતે ઊપસે છે. આમ; વાર્તામાં કિશોરમાનસનું સંવેદન તેમજ માતૃત્વની પીડા કલાત્મક રૂપ પામે છે.